# જેઓ ભજનસેવાનું આયોજન અને દોરવણી કરે છે તેઓ અને તેમના સહાકારીઓ માટે માર્ગદર્શિકા



ભજનસેવાનું એવું આયોજન કરો કે દેવને મહિમા મળે, વિશ્વાસીઓની ઉન્નતિ થાય અને શોધકોને ખ્રિસ્ત મળે. ભજનસેવાના આગેવાનોએ પ્રાર્થના અને દેવના વચનના અભ્યાસ વડે પોતાને તૈયાર કરવા. પોતાના સાથીદારો સાથે તેમણે ભજનસેવા અગાઉ આ પ્રવૃત્તિઓનું આયોજન કરવું અને આ માર્ગદર્શક સૂચનો ધ્યાનમાં રાખવા.

**૧. ભજનની પ્રવૃત્તિઓ જૂથ મોટુ છે કે નાનું તે અનુસાર નક્કી કરવી.**

- એક નાના જૂથ તરીકે મંડળી શરૂ થતી હોય છે તેવા સંજોગામાં નવા વિશ્વાસીઓ અને નાના જૂથને ધ્યાનમાં રાખીને પ્રવૃત્તિઓ નક્કી કરવી.
- આખા ટોળાએ પ્રવૃત્તિમાં ભાગ લેવાનો છે. કેવળ જોનાર કે સાંભળનાર બનીને પ્રવૃત્તિઓ બાબતે નકારાત્મક રહેવાનું નથી. ખરેખર તો નાનું જૂથ મોટા જૂથ કરતાં વધુ સારી રચનાત્મક પ્રવૃત્તિઓ કરી શકે.
- ભજન વખતે લોકો પ્રભુ પ્રત્યે એકાગ્ર બને તે જરૂરી છે. સંગીત કે ભજનના આગેવાનોની પ્રતિભા વિ. પ્રત્યે મન લગાડે નહિ તેનું ધ્યાન રાખવું.
- ભજનના ગીતો અને અન્ય પ્રવૃત્તિઓનું કેન્દ્ર ઈશ્વર હોવુ જોઈએ. જે ભજનની પ્રવૃત્તિઓમાં લોકો શું કરે છે અને શીખે છે તે અન્ય હેતુ માટે સારુ હોઈ શકે. પણ ભજનના સમય માટે નહિ.
- તમારે ખર્ચાળ સંગીત સાધનોની જરૂર છે કે નિપૂણ સંગીતકારોની જરૂર છે તેવું વિચારશો તો ઘણા વિશ્વાસીઓ ભજન કરવાનું મૂકીને તેમની કળા ઉપર ધ્યાન લગાડશે. માણસોની પ્રશંસા કરતા દેવની પ્રસંશા થાય તે જોવું જોઈએ.

**૨. પ્રસંગ, લોકો, તેમની ચાલુ જરૂરિયાતો અને રસમ અનુસારની ભજનસેવાની પ્રવૃત્તિઓ પસંદ કરો.**

- એકધારી એકસરખી પ્રવૃત્તિઓ કરવાથી દૂર રહેવું કેમ કે તેનાથી વિશ્વાસીઓની પવિત્ર આત્માની દોરવણીને આધિન થવાની સ્વતંત્રતા પર તરાપ આવે છે. દરેક પોલ તિમોથી અભ્યાસમાં પાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓ આપેલી છે જેમાથી ભજન માટે પસંદ કરવી.
- ભજનસેવાની પ્રવૃત્તિનું અગાઉથી સાથીદારો સાથે મળીને પ્રાર્થના સહિત આયોજન કરો.
- બીજી સંસ્કૃતિઓમાંથી ભજનની રીતરસમો લાવવી નહિ અને મંડળીની ચાલુ જરૂરિયાતો કે સ્થાનિક રસમો સાથે તેમને જોડવી નહિ.
- જો ભજનસેવામાં અવિશ્વાસીઓ આવ્યા હોય તો તેઓને ખ્રિસ્ત વિષેનું જ્ઞાન થાય અને વિશ્વાસ કરે તેવી પ્રવૃત્તિઓ ઉમેરો.
- ભજનસેવાનું જરેજર આયોજન એ રીતે થઈ જાય કે તેમાં કોઈ સુધારો શક્ય ના બને, શોધકો માટે તારણ જેવો ફેરફાર પણ ના થઈ શકે તેવું ન થવા દો.
- બીજા ભજનસેવાને દોરવણી આપતા હોય ત્યારે વૃદ્ધ ઠરેલ માણસો પણ દેખરેખ રાખી શકે તેવી વ્યવસ્થા કરો વૃદ્ધ માણસ જુવાનને કે બાળકોને સભાની કેટલીક બાબતો સોંપે તેવું કરો.
- સ્ત્રીઓ અને જુવાનો પાસે પાઠ તૈયારકરવા માટે વધારે સમય હોય છે તેમ છતાં તેમને મીટીંગો ચલાવવા દેવી નહિ કારણ કે તેઓ વૃદ્ધો કે જેઓ વધારે સારી રીતે ચલાવી શકે તેમને ખલેલ પહોંચાડયા કરે.

૩. **બધા વિશ્વાસીઓને પ્રવૃત્તિમાં ભાગ લેવા દેવો.**

- દરેક ઉંમરના બાળકોને ભાગ લેવા દેવો. પાળકોના અઠવાડિક વિષયો સાથે પોલ-તિમોથી બાઈબલ વાર્તાઓ સંકળાયેલી છે. માટે બાળકો આ વાર્તાઓનું નાટકીકરણ કરીને સભામાં બતાવી શકે છે. જેનો લાભ મોટાઓને મળે. બાળકોના અભ્યાસમાં કાવ્યો પણ છે. જે મોટે ભાગે ગીતશાસ્ત્રમાંથી છે તેને બાળકો યાદ રાખી શકે. અને પ્રશ્નો છે જે તેઓ સભાજનોને પૂછી શકે. બાળકોને અલગ રૂમમાં મોટાભાગનો સમય જુદા કાઢશો નહિ. તેમને શિક્ષણ અને સ્તુતિમાં ભાગ લેવા દો.
- જે મુખ્ય આગેવાન હોય તેણે ભજનનો મોટો ભાગનો સમય વાપરાવો નહિ. બધાને એકબીજા સાથે સંપર્ક કરવા દો અને ખ્રિસ્તના પ્રેમમાં વધવા દો.
- મોટાઓ જ શીખવવાનું અને બધા પ્રાજેક્ટોનું કામ ઉપાડે તેવું ન થવા દો તેનાથી માટા બાળકો કંટાળી જાય અને મસ્તી તોફાન કરે તેવું બને. ભજન કરનારાઓ એકબીજા પર પ્રેમ કરવાની નવા કરારની આજ્ઞા માને તેવું થવા દો.
- વિશ્વાસીઓ ખ્રિસ્તને માટે શું કરે છે તેની સાક્ષી આપવાની તક તેમને આપો.
- બે, ત્રણ કે ચારના જૂથમાં વિશ્વાસીઓને એકબીજા સાથે વાતચિત અને પ્રાર્થના કરવા દો. આમ કરવાથી દરેકને સાંભળવાની, પ્રશ્નો પૂછવાની, પ્રવૃત્તિઓ કરવાની, બીજાને સલાહ આપવાની અને પ્રાર્થના કરવાની તક મળે છે. જેઓને ખોટું લાગ્યું હોય કે સમસ્યાઓમાં હોય તેવા વિશ્વાસીઓ સાથે બીજા વિશ્વાસીઓ સંપર્ક રાખે. માંદાઓ, આત્મામાં ખોવાયેલાઓ તેમજ એકબીજા માટે પ્રાર્થના કરે
- દર વખતે કાર્યક્રમ પ્રમાણેની પ્રવૃત્તિઓ પર આધાર ન રાખવો. વચમાં ખાલી સમય આપો જેમાં વિશ્વાસીઓ એકબીજાની સંગત કરે અને એક બીજાને વધારે સારી રીતે ઓળખે. તેઓ ઘેર જવાની ઉતાવળ સિવાયના સમયમાં એકબીજાને ઓળખે અને એકબીજા માટે પ્રાર્થના કરે તેવો સમય આપો.
- આ બાબતો કરવા માટે જૂથ નાનું રાખવુ અને મોટું જૂથ થાય તો નવું જૂથ શરુ કરવું.
- બાળકો ક્લાસરૂમમાં બેસે છે તેમ લોકોને બેસાડવા નહિ. બાળકો ફક્ત આગળના બાળકોની પીઠ જોઈ શકે છે. તેના કરતા ગોળાકારે લોકોને બેસાડવા જેથી દરેક એકબીજાને જોઈ શકે.
- ચર્ચામાં એક કે બે તમામ દોર હાથમાં લઈ લે તેવું ન થવા દો જેઓ વધારે બોલે કે ફરિયાદ કરે તેમના પર પાળકે અંકુશ મૂકવો. પાળકે તક આપવી, 'જેઓ હજુ સુધી બોલ્યા ના હોય તેઓ જવાબ આપે.' જેથી એવા લોકો બોલશે. બધાને મોકળાશ મળે અને ખુલ્લા મને બોલી શકે તેવું વાતવરણ ઊભું કરવું.
- ઘણા લોકો જૂથનું ધ્યાન ખેંચવા પ્રયત્નશિલ હોય છે તે બાબત રોકો કેટલાક લોકો દરેક મિટિંગ માં પોતાના પ્રશ્નો વિષે ફરિયાદ કર્યા કરે છે. તેઓ પોતે સંજોગોના ખરાબ રીતે શિકાર બન્યા છે તેવી રજુઆતમાં આનંદ માને છે ઘણા એવા અભિમાની લોકો પણ હોય છે જેઓ દરેક ચર્ચામાં નાટયાત્મક રીતે ફક્ત છેલ્લો અભિપ્રાય આપવામાં ગર્વ અનુભવે છે.

વિશ્વાસીઓને નાટકની માફક શાસ્ત્રવાચન કરવામાં સહાય કરો. ઘણી બાઈબલ વાર્તાઓમાં સંવાદો હોય છે. એક વર્ણન કરનાર સંવાદ સિવાયનો શાસ્ત્રભાગ વાંચે. દાત.

વર્ણન કરનાર ઉત. ૩ નો ભાગ વાંચે

એક માણસ આદમ શું કહે છે અને કરે છે તે વાંચી અને કરી બતાવે

એક સ્ત્રી હવા વિષે વાંચે

એક ભાઈ શેતાનનો ભાગ લે

કોઈ બીજો દેવ બોલે છે તે વચનો વાંચે

**૪. પવિત્ર આત્માને એવી રજા આપો કે વિશ્વાસીઓ વિવિધ આત્મિક દાનોને એકતામાં વાપરીને માંડલિક શરીરરૂપી પ્રેમમાં એકબીજાની સેવા કરે.**

- ૧ કોરીંથ ૧૨ થી ૧૩ અધ્યાયમાં શિક્ષણ આપવામા આવ્યું છે કે આપણા શરીરના અવયવોની માફક વિશ્વાસીઓએ પોતાના આત્મિક દાનોને માંડલિક પ્રેમમય એકતામાં વાપરવા જોઈએ. અલગ અલગ કાર્યક્રમો બનાવવાથી દૂર રહેવું જોઈએ. અને જુદા જુદા આત્મિક દાનો માટે વિશ્વાસીઓને અલગ કરતા પરિબળોથી દૂર રહેવું જોઈએ. કેટલાક સાંપ્રદાયિક ચર્ચોમાં બને છે તેમ એકસરખા આત્મિક દાન માટે અંદર અંદર વિખવાદ થાય અને એક જ પ્રકારના દાનમાં કેટલાક વિશિષ્ટતા હાંસલ કરે જ્યારે બીજા દાનો ધરાવતા લોકો સાથે તેમને ખાસ સંબંધ ન હોય તેવી પરિસ્થિતિ રોકવી જોઈએ.
- ભજનસેવા વખતે હવેના અઠવાડિયામાં જે કામ થશે તેની જાહેરાત કરો. કેટલીક પ્રવૃત્તિઓ એ અઠવાડિયાનું જે શિક્ષણ હોય તે પ્રમાણે રાખવી જ્યારે કેટલી સંજોગો અને નહિ દેખાયેલી જરૂરીયાતો અનુસાર ગોઠવવી.
- વિશ્વાસીઓ તેમના મિત્રો અને પડોશીઓની જરૂરિયાતો રજુ કરે અને તેમના માટે શું થઈ શકે છે તે જણાવે.
- વિશ્વાસીઓ પોતાની પ્રવૃત્તિઓ જણાવે, તે વિષે ચર્ચા કરે, કોણ ક્યારે મદદ કરશે તેની ચોક્કસ યોજના બનાવે આ યોજનાઓમાં નીચેની બાબતો હોય શકે.

    એકબીજા માટે પ્રાર્થના કરવી, માંદાઓ, આત્મિક ખોવાયેલા અને ભૂતગ્રસ્તો માટે પ્રાર્થના કરવી.
    સંગત
    બીજી મંડળીઓ સાથે સહકાર
    જરૂરિયાતોવાળાઓની સેવા
    કૌટુંબિક મનન

- નવા કરારની 'એકબીજા' આજ્ઞાનુસાર મંડળીમાં અને મંડળી મંડળી વચ્ચે પ્રેમભરી સંગત બાંધો.

નવા કરારની 'એકબીજા' માટેની આજ્ઞા

**પ્રેમ :**

- એકબીજા પર પ્રેમ કરો. યો. ૧૩:૩૪-૩૫ ૫:૧૨,૧૭; રૂમી ૧૨:૧૦ ૧ થે.૪:૯; ૧ યો.૩:૧૧,૧૪,૨૩ ૪:૭,૧૧,૧૨; ૨ યો. ૧:૫ ૧પી. ૧:૨૨
- એકબીજા પર પ્રેમ કરીને નિયમ પૂરો કરો. રૂ ૧૩:૮
- એકબીજા પર પ્રેમમાં વૃધ્ધિ ૨ થેસ્સા.૧:૩
- એકબીજા પર પ્રેમ માં બંધાવુ. ૧ થેસ્સા. ૩:૧૨
- પાપના પૂંજને ઢાંકવા માટે એકબીજા પર પ્રત્યે ઊંડો પ્રેમ ૧ પિતર ૪ : ૮

**સંગત અને સમાધાન :**

- એકબીજા સાથે સંગત ૧ યો. ૧:૭
- એકબીજાને માફી એફે.૩:૧૩ ૪:૩૨ કોલો,૩:૧૩
- પવિત્ર ચુંબનથી એકબીજાને મળવું (કેટલીક સંસ્કૃતિમાં ભેટવું) રૂમી ૧૬ : ૧૬; ૧ કોલોસી ૧૬ : ૨૦; ૨ કોલોસી ૧૩ : ૧૨;૧ પી. ૫:૧૪
- રોટલી ભાંગવા એકબીજાની વાટ જોવી ૧ કોરંથી ૧૧:૩૩
- એકબીજાના દુ:ખો ભોગવવા ૧ કોરંથી ૧૨:૨૬

**સેવા :**

- દરેકને મળેલ આત્મિક દાન અનુસાર એકબીજાની સેવા કરવી. ૧પી ૪:૧૦
- પ્રેમમાં એકબીજાની સેવા કરવી ગલાતી ૫ : ૧૩
- એકબીજા પ્રત્યે માયાળુ બનવું ૧ થેસ્સા. ૫ : ૧૫
- એકબીજા માટે કાળજી ૧ કોરંથી ૧૨ : ૨૫

- એકબીજાના ભાર ઉંચકવા ગલાતી ૬ : ૨
- એકબીજા ના પગ ધોવા. નમ્ર સેવા તરીકે યોહાન ૧૩ : ૧૪
- એકબીજા સાથે કામ કરવું ૧ કોરંથી ૩ : ૯; ૨ કોરંથી ૬ : ૧

**શિક્ષણ :**

- એકબીજાને શીખવવું કોલોસી ૩ : ૧૬
- એકબીજાને ઉપદેશ આપવો. રૂમી ૫ : ૧૪

**ઉત્તેજન :**

- એકબીજાને ઉત્તેજન આપવું કોલોસી ૩ : ૧૬; હેબ્રી ૧૦ : ૨૫
- એકબીજાને ઉપદેશ આપવો. (ઉત્તેજન) હેબ્રી ૩ : ૧૩
- એકબીજા સાથે સત્ય બોલવું એફેસી ૪ : ૨૫
- એકબીજા માટે જીવ આપવો. ૧ યોહાન ૩ : ૧૬
- એકબીજાનો વિચાર કરવો. હેબ્રી ૧૦ : ૨૪

**પ્રાર્થના, કબૂલાત અને ઉન્નતિ :**

- એકબીજા માટે પ્રાર્થના યોહાન ૫ : ૧૬
- એકબીજાની પાપની કબૂલાત યોહાન ૫ : ૧૬
- દૃઢીકરણ ૧ થેસ્સા. ૪ : ૧૮,૫ : ૧,૧૧
- એકબીજાની ગીતો, જ્ઞાનના શબ્દો, પ્રકટીકરણ અન્ય ભાષા કે તેના ખુલાસા દ્વારા ઉન્નતિ ૧ કોરંથી ૧૪ : ૨૬
- એકબીજા સાથે દેવનો મહિમા રૂ.૧૫:૬

**ભંગિત હૃદય સાથે ઐક્યતામાં બંધાવું. :**

- એકબીજાને માન આપવું રૂમી ૧૨ : ૧૦
- એકબીજા સાથે એક મનના થવું ૨કોરંથી ૧૩ : ૧૧; રૂમી ૧૨ : ૧૬, ૧૫ : ૫
- એકબીજાની ટીકા ન કરવી. રૂમી ૧૪ : ૧૩
- એકબીજાનું ભૂંડુ ન બોલવું. યાકૂબ ૪ : ૧૧, ૫ : ૯
- એકબીજાને આધિન રહેવું. એફેસી ૫ : ૨૧
- એકબીજા પ્રત્યે નમ્ર રહેવું. રૂમી ૧૫ : ૭; ૧ પિતર ૪ : ૯

**એકતામાં રહેવું :**

- એકબીજા પ્રત્યે ધીરજ રાખવી. એફેસી ૪ : ૨
- એકબીજા પ્રત્યે શાંતિ રાખવી. માત્થી ૯ : ૫૦
- એકબીજાને ઉમળકાથી આવકારવા. રૂમી ૧૫ : ૭; ૧ પિતર ૪ : ૯

**૫. પ્રભુની મેજની સેવા એ રીતે કરો જેથી પવિત્ર આત્મા સર્વને એ સભાનતામાં લાવે કે ખ્રિસ્ત આપણી મધ્યે છે.**

- પોલ તિમોથી સ્ટડી નવા પાળકો માટે ઘણા શાસ્ત્રભાગો રજુ કરે છે જે દ્વારા આપણે પ્રભુની મેજની સેવામાં જઈ શકીએ. આ સેવા શરૂ કરતાં પહેલાં વિશ્વાસીઓને એ સમય આપો કે તેઓ પોતાના પાપ યાદ કરીને પ્રભુ સમક્ષ કબૂલ કરી શકે. અંગત પાપો શાંત રહીને કબૂલવા. જો કોઈ પૂછે કે શા માટે પાપની કબૂલાત કરવી તો ૧ કોરંથી ૧૧ : ૨૭-૩૧ અને ૧ યોહાન ૧:૭-૧૦ વંચાવો. કબૂલાતની રીત સમજવા માટે ગી.શા. ૫૧ : ૧-૧૦માં દાઉદની કબૂલાત વાંચો.
- કેટલીક મંડળીઓ સર્વ માટે એક જ પ્યાલો રાખે છે એને તેમાં રોટલી બોળે છે. કેટલીક મંડળીઓમાં વ્યક્તિગત પ્યાલા હોય છે. ઘણાં ચર્ચોમાં દ્રાક્ષાસવ કે અન્ય પીણાનો ઉપયોગ થાય છે. ગમે તે બાબતમાં વાંધો નથી.
- મેજની સેવા ઉપદેશ-મીટીંગ ન બનાવો. તેમાં અદ્ભૂત મર્મ સમાયેલો છે.

- વિશ્વાસીઓને પાપ કબૂલ કરવાની તક આપ્યા સિવાય ઝડપથી આ સેવા આટોપી લેવાનો પ્રયત્ન કરવો નહિ.
- પ્રભુની મેજની સેવા એ ભોજન નથી, બલ્કે ખ્રિસ્તના શરીરમાં ભજનના આત્મામાં રહીને ભાગ લેવો તે છે. (૧ કોરં ૧૦:૧૬) આ ભૂલ પાઉલે ૧ કો. ૧૧:૨૦-૩૪માં બતાવી.

**૬. જુદી જુદી રીતે ભજન થઈ શકે.**

- જો રાજયસત્તા તરફથી ભય હોય તો વિશ્વાસીઓ ધીમા સાદે ભજન ગાય અથવા ભજન માટેની શાંત રીતો અપનાવે. તેમાં પાછલા દિવસોમાં પ્રભુએ જે કર્યું તેની સાક્ષી, બાઈબલ વાંચન, આગેવાન વચન વાંચે અને પાછળ પાછળ વાંચવું ગીતો, નાટકે, પવિત્ર નૃત્ય અને શાંત મનનનો સમાવેશ થાય છે.
- સ્તુતિના એક માત્ર સાધન તરીકે સંગીતને ન માનો. સંગીતના સાધનો સાથે ભભકાદાર ભજન ગંભીરતાને તોડી નાખે છે. દરેક જણ સરખું ગંભીર રહી શકતું નથી. બધી ઉમંરની વ્યક્તિઓને સુસંગત સંગીત પસંદ કરો. સ્થાનિક સંસ્કૃતિ ને સુસંગત સંગીત પસંદ કરો. વિશ્વાસીઓને નવા ગીત લખવા પ્રોત્સાહન આપો. બીજે થી કે અન્ય સંસ્કૃતિઓ  તરફથી ભાષાતંર થયેલા ગીતો ઓછા વાપરવા.

**૭. ભજન વખતે વિશ્વાસીઓ પ્રભુની હાજરી માણે અને ગંભીરતા જાળવે તે જરૂરી છે.**

ચોક્કસ શરૂઆતનું આયોજન કરવું તેજ રીતે ભજન સમયનો અંત પણ ચોક્કસ કરવો. અહીં કેટલીક પ્રવૃત્તિઓ છે જે દ્વારા ભજન શરૂઆત કરી શકાય.

- ભજનસેવા શરૂ કરવા માટે ગીતશાસ્ત્ર અથવા અન્ય ભજનને લગતા શાસ્ત્રભાગો વાંચીને શરૂઆત કરી શકાય. અહીં કેટલાક શાસ્ત્રભાગો આપેલા છે જે જૂથનાં વાચીને ભજનની શરૂઆત કરી શકાય.

| | | |
|---|---|---|
| ગી.શા. ૮ :૧ | ગી.શા. ૮૯ :૧ | ગીશા. ૧૨૩ :૧ |
| ગી.શા. ૯ :૧-૨ | ગી.શા. ૯૫ :૧-૩ | ગીશા. ૧૩૬ :૧-૪ |
| ગી.શા. ૧૮ :૧-૨ | ગી.શા. ૯૭ :૧ | ગીશા. ૧૪૭ :૧ |
| ગી.શા. ૨૯ :૧-૨ | ગી.શા. ૯૮ :૧-૨ | ગીશા. ૧૪૫ : ૧-૨ |
| ગી.શા. ૩૪ :૧-૩ | ગી.શા. ૧૦૦ | ગીશા. ૧૪૮ :૧-૨ |
| ગી.શા. ૪૨ :૧ | ગી.શા. ૧૦૪ :૧ | ગીશા. ૧૪૯ : ૧-૪ |
| ગી.શા. ૪૭ : ૧-૨ | ગી.શા. ૧૦૫ : ૧-૩ | ગીશા. ૧૫૦ |
| ગી.શા. ૬૬ :૧-૪ | ગી.શા. ૧૧૩ :૫-૬ | હબાક્કૂક ૨ :૨૦ |
| ગી.શા. ૬૭ :૧-૩ | ગી.શા. ૧૦૩ : ૧ | પ્રકટી. ૭ :૯-૧૨ |
| ગી.શા. ૮૧ :૧ | ગી.શા. ૧૧૧ :૧-૩ | પ્રકટી. ૨ :૭ |
| ગી.શા. ૮૪ :૧-૨ | ગી.શા. ૧૧૭ | પ્રકટી. ૨૨ :૬-૭ |

- પવિત્ર આત્માને વિનંતી કરો કે તમારા હૃદયોને ભજનને માટે તૈયાર કરે અને ખ્રિસ્તની હાજરીનો અનુભવ કરાવે.
- દરેકને ખાત્રી થવી જોઈએ કે મેં આજે ભજન કર્યું છે.
- પરાત્પર પરમેશ્વરની હાજરીને નીચી પાડે તેવું કોઈ વાતાવરણ ઊભું થવા દેવું નહિ.

ભજનસેવાને આગળ વધારવા માટે.

- વિસ્તારના ચર્ચો માટે પ્રાર્થના કરો ભલે તેઓ રૂઢિવાદી હોય કે તમારા કરતા અલગ રીતે ભજન કરતા હોય.
- જે લોકોએ પોતાના ચર્ચો કલેશથી છોડયા હોય અને તેમના વિષે ટીકા કરતાં હોય તેવા લોકોને આવું બોલતા રોકો

- જે પાળકો ટીકાત્મક ભાષણો કરતા હોય, બીજા ચર્ચો કે પાસ્ટરો જેઓની પદ્ધતિ અલગ હોય તેમની ટીકા કરતા હોય તેમને રોકો.
- બીજી મંડળીઓ જે માને કે કરે છે તે વિષે ટીકા કરતા વિશ્વાસીઓને પણ રોકો.

**૮. પ્રભુને આપવાની વિશ્વાસીઓને તક આપો.**

- વિશ્વાસીઓને એ શિક્ષણ આપો કે દાનો ખ્રિસ્તના રાજ્યની વૃદ્ધિ અને લોકોની જરૂરિયાતો માટે જરૂરી છે. નાના જૂથોમાં ઘણા વિશ્વાસીઓ બીજા ન જાણે તે રીતે આપતા હોય છે.
- નાણા માટે આગેવાનો એ જાહેરાત કરી નહિ. આપી ન શકતા લોકોને ઓછો પ્રેમ બતાવવો અથવા દાનના નાણાનો કેવો ઉપયોગ કર્યો તે ન જાણાવવું, આવી પ્રવૃતિઓને અટકાવવી.
- જ્યારે વિશ્વાસીઓ તંગીમાંથી જઈ રહ્યા હોય ત્યારે આગેવાનો સારી સારી વસ્તુઓ વસાવે અને વાપરે તે પ્રભુ ઈચ્છતો નથી માટે તેવી બાબતો અટકાવવી.
- હિસાબો રાખવાની વ્યવસ્થા કરવી અને તની ચકાસણી મંડળીએ ઠરાવેલ ખજાનચી દ્વારા કરવી.

**૯. સભાઓ ઉન્નતિના હેતુથી કરવી.**

- પ્રાર્થના અને આયોજનના સમયે વિશ્વાસીઓ લોકોની ઉન્નતિ પર ધ્યાન કેન્દ્રિત કરે. આ માટે નવી પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય દા.ત. નવા વિશ્વાસીઓ શોધવા, બાપ્તિસ્મા આપવા, મંડળી માટે નવો કરારે સિદ્ધ કરેલી પ્રવૃત્તિઓ શરુ કરવી, નવી મંડળીઓ કે જૂથો શરૂ કરવા, નવા આગેવાને તૈયાર કરવા, વિશ્વાસીઓ અને મિત્રોની મુલાકાતો કરવી દુઃખમાંથી જઈ રહેલાઓની મદદ માટે ટીમ ઊભી કરવી છે.
- કેટલીક બાબતો જેવી કે માંદગી સૈદ્ધાંતિક મતભેદો, સમાજમાં પ્રવર્તતા પાપ કે સામાન્ય પ્રશ્નો આવી બાબતો હલ કરવામાં ઘણો બધો સમય બગાડવો નહિ. હકારાત્મક બાબતો જેવી કે મંડળીની ઉન્નતિ તરફ વિશેષ લક્ષ રાખવું.

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net